# ગોવામાં મોદીમય માહોલ

નવી દિલ્હી,તા. ૭

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક તર્કવિતર્કો અને અટકળોના દોર વચ્ચે આજે શરૂ થઈ હતી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ પક્ષની ચૂંટણી સમિતિના વડા તરીકે જાહેર કરવામાં આવશે કે કેમ તેને લઈને અટકળો વચ્ચે આજે દિવસભર બેઠક રહી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ રવિવારના દિવસે ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મોદીના નામની જાહેરાત કરવામાં આવે તેવી અટકળોને વેગ મળ્યો છે. ભાજપની સંસદીય બોર્ડની મહત્વની બેઠક પણ અટકળો વચ્ચે યોજાઈ હતી. મોદીના નામ પર વ્યાપક સર્વસંમતિ ઉભરી આવવાની શક્યતા દેખાઈ રહી છે. આની સાથે જ પક્ષના ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પ્રચાર સમિતિના વડા તરીકે મોદીના નામની જાહેરાત કરવામાં આવે તેનો માર્ગ મોકળો થઈ ગયો છે. રવિવારના દિવસે મોદીના નામની વિધિવત જાહેરાત



થવાની સંભાવના દેખાઈ રહી છે. ભાજપના સંભવિત વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની ચર્ચા પહેલાથી જ દેખાઈ રહી છે. ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં પક્ષની ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકેની ભૂમિકામાં મોદી રહી શકે છે. ભાજપના સમર્થકો અને નેતાઓએ આજે સવારે આવી પહોંચ્યા બાદ મોદીનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ગોવાના મખ્યમંત્રી મનોહર પારેકર અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓએ તેમનું સ્વાગત કર્યુ હતુ. તેમના આગમન બાદ મોદીએ નાણાં મંત્રી પી ચિદમ્બમરના માતાના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. જો કે મોદીએ ભાજપની રાષ્ટ્રીય કારોબારી અંગે અટકળો મામલે કોઈ વાત કરી ન હતી. પક્ષના વરિષ્ઠનેતા અડવાણી કારોબારીના પ્રથમ દિવસે ગેરહાજર રહ્યા હતા જેથી એવી અટકળોને વેગ મળ્યો છે કે મોદીને પ્રચાર સમિતિના વડા બનાવવાની હિલચાલથી અડવાણી નારાજ દેખાઈ રહ્યા છે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે અડવાણી આવતીકાલે ગોવા પહોંચશે. આજની મિટિંગ કારોબારીની બેઠક બાદ ખુબજ મહત્વપૂર્ણ બની ગઈ છે. કારોબારીમાં તમામ ટોચના સભ્યો ઉપસ્થિત રહે તેવી સક્યતા છે. ભાજપે અગાઉ એવા એહવાલને મહત્વ આપ્યુ ન હતુ કે મોદી લોકસભા ચૂંટણી માટે પ્રચાર સમિતિનું નેતૃત્વ કરશે. એવું જણાવવામાં આવ્યુ હતુ કે યોગ્ય સમયે પક્ષપ્રમુખ રાજનાથસિંહ નિર્ણય લેશે. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે મોદી સૌથી સન્માનિત વ્યક્તિ પૈકીના છે અને સૌથી સફળ મુખ્યમંત્રી પૈકીના છે. દેશના લોકોમાં પણ તેઓ ખૂબ લોકપ્રિય છે. ભ્રષ્ટાચાર મુક્ત સંચાલનના પ્રતિક તરીકે મોદી બની ગયા છે. કારોબારીની બેઠકમાં અડવાણી ઉપરાંત શત્રુઘ્ન સિંહા પણ ઉપસ્થિત રહ્યા નથી. તેમની પણ તબિયત ખરાબ હોવાનું જાણવા મળ્યુ છે.

## મોદીની સંભવિત ભૂમિકા અંગે રાજનાથસિંહનું મૌન

પણજી,તા. ૭

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર



મોદીને પ્રોજેક્ટ કરવાના મામલે આજે કોઈ ટિપ્પણી કરી ન હતી આ ઉપરાંત નરેન્દ્ર મોદીની સંભવિત ભૂમિકા અંગેના પ્રશ્નો પણ ટાળી દીધા હતા. પણજીમાં પક્ષની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આજે શરૂ થઈ હતી. કારોબારી બેઠકમાં હાજરી આપવા પહોંચ્યા બાદ રાજનાથસિંહે મોદીની સંભવિત ભૂમિકા અંગે પ્રશ્નોનો મારો ચલાવવામાં આવતા કોઈ પણ જવાબ આપ્યા ન હતા.

દાબોલીમ વિમાની મથકથી કારોબારીના બેઠક સ્થળે આવી પહોંચ્યા બાદ રાજનાથસિંહે પત્રકારોનો આભાર માન્યો હતો. ગોવામાં ભાજપના ડેસ્ક ઈન્ચાર્જ સ્મૃતિ ઈરાની સહિત પક્ષના નેતાઓએ તેમનું સ્વાગત કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે વરિષ્ઠ નેતા ઉપસ્થિત રહી શક્યા નથી. મોદીએ પણ બીજી બાજુ વિમાની મથકે પત્રકારો દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબ આપ્યા ન હતા. ટોચના હોદ્દા માટે તેમની દાવેદારી અંગેના પ્રશ્નો ટાળી દીધા હતા જો કે મોદીએ કેન્દ્રિય નાણાં પ્રધાન પી ચિદમ્બરમના માતાના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

## નેશનલ હાઈવે ઉપર હવે ૨૪ કલાક એમ્યુલન્સ સર્વિસ જરૂરી

નવી દિલ્હી,તા.૭

દેશમાં રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર ૨૪ કલાકની એમ્યુલન્સ સર્વિસ રાખવાની રજૂઆત કરવામાં આવી છે. ૨૪ કલાક સુધી પેટ્રોલીંગ વાહનો પણ ઉપલબ્ધ રહે તેની ખાતરી કરવાના પ્રયાસ પણ કરવામાં આવે તે જરૂરી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ વાહનોની કોઈપણ અડચણમુક્ત અવર જવર ઉપર નજર રાખવા એક મહિનાની અંદર ગ્લોબલ પોઝિસનિંગ સિસ્ટમ (જીપીએસ) સાથે તમામ વાહનોમાં વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ (વીટીએસ) સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન આર પી સિંહે આ સંબંધમાં જરૂરી આદેશો જારી કરી દીધા છે. ૨૪ કલાકની એમ્યુલન્સ સર્વિસ રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર ફરજિયાત બનાવવામાં આવી રહી છે. ડેવલોપર્સ એન્ડ ગવર્મેન્ટ એજન્સી જે રાષ્ટ્રીય રાજમાર્ગોને જાળવી રાખવા અને મેનેજ કરવાનું કામ



કરે છે તે હવે એવી ખાતરી કરશે કે ૨૪ કલાક એમ્યુલન્સ અને પેટ્રોલીંગ વાહનો ઉપલબ્ધ રહે. આ સંબંધમાં એક પરિપત્ર જારી કરી દેવામાં આવ્યો છે જેમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેને ખાનગી ડેવલોપર્સ સાથે આ મુદ્દે વાતચીત કરવા તમામ ચીફ જનરલ મેનેજરોને આદેશ કર્યો છે. એમ્યુલન્સ સેવા ફરજિયાતપણે રાખવી પડશે. સિંહે એમ પણ કહ્યું છે કે હોસ્પિટલમાં અકસ્માતનો શિકાર થયેલા લોકોને ખસેડવા માટે વાહનો હોતા નથી તેવી ફરિયાદ વારંવાર ઉઠતી રહી છે. આ ઉપરાંત બ્રેકીંગ ડાઉન થવાની સ્થિતિ, જામની સ્થિતિના બનાવો પણ બને છે. નિયમ મુજબ દરેક ડેવલોપર્સને દરેક ૫૦ કિલોમીટરના પટ્ટા માટે પેટ્રોલીંગ વાહન અને એક એમ્યુલન્સ ગોઠવવાની જરૂર હોય છે. હાલમાં ૨૪૪ લાઈફ સપોર્ટ એમ્યુલન્સ અને ૨૪૫ પેટ્રોલીંગ વાહનો ૧૦૩૬૦ કિલોમીટર લાંબા હાઈવે પટ્ટા ઉપર ગોંઠવવામાં આવી છે જે ખૂબ જ અપૂરતી છે. વધુમાં માત્ર ૮૦૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગ પટ્ટા સુવિધા ગોઠવવામાં આવેલી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર સ્થિતિ હળવી બનાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

## રાજસ્થાનના બાડમેરમાં ફરી મિગ-૨૧ દુર્ઘટનાગ્રસ્ત થયું

જયપુર,તા. ૭

રાજસ્થાનના બાડમેર જિલ્લામાં આજે ભારતીય હવાઈદળનું મિગ-૨૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. જો કે આ બનાવમાં પાઈલોટને સહેજમાં બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. સરંક્ષણ પ્રવક્તા એસ ડી ગોસ્વામીએ માહિતી આપતા કહ્યું છે કે સવારે નવ વાગ્યાની આસપાસ સોડિયાપુર ગાંવ નજીક આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ વિમાને પશ્ચિમ સેક્ટરના ઉત્તર લાઈન હવાઈદળના સ્થળથી ઊડાણ ભર્યું હતું. આ વિમાન રૂટીન ઉડાણ ઉપર હતુ ત્યારે બનાવ બન્યો હતો. પ્રવક્તાએ કહ્યું છે કે આ દુર્ઘટના બાડમેરથી ૪૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં બની હતી. તેમણે કહ્યું હતું કે જોધપુરના હવાઈદળના સ્ટેશનથી તાત્કાલિક રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાયુસેનાની આ દુર્ઘટનાની જડ સુધી પહોંચવા માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ આપ્યો છે. ભારતીય હવાઈદળના મિગ વિમાનો તૂટી પડવાનો સિલસિલો જારી રહ્યો છે. મિગ-૨૧નો ટ્રેક રેકોર્ડ સુરક્ષાની દષ્ટિએ સારો રહ્યો નથી.

## અમરનાથ યાત્રીઓની સુરક્ષા વ્યવસ્થા વધારાઈ

જમ્મુ,તા.૭

૨૮ જૂનનાં રોજ શરૂ થનારી પવિત્ર બર્ફાની બાબા અમરનાથ યાત્રા માટેનાં પદયાત્રા માર્ગ પર સુરક્ષાદળોની સંખ્યા વધારી દેવામાં આવી છે અને સુરક્ષા વ્યવસ્થા અંગેનું કામ ૧૫ જૂન સુધીમાં પૂરું કરી લેવામાં આવશે. યાત્રીઓને યાત્રા દરમિયાન ત્રિસ્તરીય સુરક્ષા આપવામાં આવશે. પવિત્ર યાત્રાની તૈયારીઓને હવે અમરનાથ સાઈન બોર્ડ અને રાજ્ય સરકાર દ્વારા અંતિમરૂપ આપી દેવામાં આવ્યું છે. યાત્રીઓની ફુલપ્રુફ સુરક્ષા કરવા માટે વિભિન્ન સુરક્ષા એજન્સીઓની સાથે ઉચ્ચ અધિકારીઓ સુરક્ષા સ્તર અંગેની સમીક્ષા શરૂ કરી દીધી છે. અર્ધસૈનિક દળોએ પણ યાત્રીઓની શિબિરો પર પોસ્ટ બનાવવાનું કામ શરૂ કરી દીધું છે. અમરનાથ યાત્રા સુરક્ષા માટે સૈનિકદળની ૭૪ કંપનીઓ તૈનાત કરાશે અને સંવેદનશીલ વિસ્તારોમાં સેનાને તૈનાત કરવામાં આવશે. ખરાબ હવામાનનાં કારણે જનમાર્ગ યાત્રા પર પોસ્ટ નિર્માણનાં કામમાં થોડો વિલંબ થયો છે પરંતુ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે, બાલતાલ અને પહેલગામ બંને વિસ્તારોમાં શિબિરો પર દેશભરમાંથી આવી રહેલાં ભાવિક ભક્તોની સુરક્ષા માટે પોલીસે કમર કસી લીધી છે. આ અંગેના તમામ જરૂરી પગલાં લેવાઈ ચૂક્યા છે. આતંકી ખતરાઓને ધ્યાને લઈ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે થ્રીટાયર સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

## મોનસૂન સત્રમાં ફૂડ સિક્યુરિટી બિલ રજૂ કરાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે નેશનલ ફૂડ સિક્યુરિટી બિલ મોનસૂન સત્ર દરમિયાન સંસદ સમક્ષ લાવવામાં આવે તેવી શક્યતા છે. સરકાર અને કોંગ્રેસના લોકો આ મહત્વકાંક્ષી બિલને લઈને ખૂબ જ ઉત્સુક છે આવી સ્થિતિમાં આ બિલને લાવવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે. સંસદના ખાસ સત્ર બોલાવવાની અથવા તો વટહુકમ જારી કરવાની બાબતોને મહત્વ મળી રહ્યું નથી આવી સ્થિતિમાં ફૂડ સિક્યુરિટી બિલ મોનસૂન સત્રમાં લાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસના સૂત્રોએ કહ્યું છે કે મોનસૂન સત્રમાં આ બિલ સાથે આગળ વધવાના ફરી એકવાર પ્રયાસ કરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન કહીં ચૂક્યા છે કે આ મુદ્દે આગળની વ્યૂહરચના આગામી સપ્તાહ સુધી વિચારવામાં આવશે. બીજી બાજુ ખાદ્યાન પ્રધાન કે વી થોમર્સ ગઈકાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળી ચૂક્યા છે. સોનિયા ગાંધીના લોકપ્રિય બિલ તરીકે નેશનલ ફૂડ સિક્યુરિટી બિલને ગણવામાં આવે છે. દેશની ૬૭ ટકા વસ્તીને સસ્તાદરે અનાજ આપવાની આમા જોગવાઈ કરવામાં આવી છે. રેશનીંગની દુકાનો મારફતે પાંચ કિલો અનાજનો એક સમાન જથ્થો ગરીબ લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ સૂચિત કાયદાને અમલી બનાવવા નોડલ વિભાગ તરીકે ગણાતા ખાદ્યાન મંત્રાલયે પણ કહ્યું છે કે ફૂડ સિક્યુરિટી કાયદાને અમલી બનાવવા માટે વટહુકમ લાવવાની કોઈ જરૂર નથી. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે સંસદીય બાબતોના પ્રધાન કમલનાથ બિલ આડેની અચડણો દૂર કરવા તમામ સંબંધિત પક્ષો સાથે વાતચીત કરી ચૂક્યા છે જેથી હવે સંસદ સમક્ષ આ બિલ લાવવામાં આવશે. બજેટ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ જુદા જુદા કૌભાંડોને લઈને લોકસભામાં ભારે ધાંધલ ધમાલના પરિણામ સ્વરૂપે ચર્ચા માટે આ બિલ હાથ ધરી શકાયું ન હતું.

## 'બડે મિયાં, છોટે મિયાં'ની સિક્વલ બનવાની શક્યતા

મુંબઈ, તા. ૭

વિતેલા જમાનાની અમિતાભ બચ્ચન અને ગોવિંદા અભિનિત સુપરહિટ ફિલ્મ 'બડે મિયાં, છોટે મિયાં'ની સિક્વલ બનાવવાની જાહેરાત ટુંક સમયમાં કરવામાં આવશે. વાસુ ભગનાની લગભગ એક દાયકા અગાઉથી ડેવિડ ધવન દ્વારા નિર્મિત ફિલ્મ 'બડે મિયાં, છોટે મિયાં'ની સિક્વલ બનાવવા અંગે વિચાર કરી રહ્યો છે. ભગનાનીની ઈચ્છા છે કે સિક્વલમાં પણ જુના જ કલાકારોને રિપિટ કરવામાં આવે. આજકાલ બોલીવુડમાં સિક્વલ બનાવવાનો વાયરો વાય છે. હાલ વાસુ 'બડે મિયાં, છોટે મિયાં'ની સિક્વલ બનાવવા માટે જોરદાર વાર્તાના પ્લોટ માટે લેખકની શોધ કરી રહ્યો છે. 'બડે મિયાં, છોટે મિયાં' ઘણાં વર્ષો અગાઉ રીલીઝ થઈ હતી અને સુપરહિટ નિવડી હતી.

## શારાપોવા અને સેરેના વચ્ચે આજે રોમાંચક ફાઈનલ જંગ

પેરિસ,તા. ૭

ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપની ફાઈનલ મેચમાં આવતીકાલે શનિવારે સેરેના વિલિયમ્સની ટક્કર રશિયાના ગ્લેમર ગર્લ મારિયા શારાપોવા સામે થશે. બંને ખેલાડીઓએ પોતપોતાની હરીફ ખેલાડીઓને હાર આપીને ફાઈનલમાં આગેકૂચ કરી દીધી છે. શનિવારે રમાનારી મહિલાઓની સિંગલ્સ ફાઈનલ મેચ ખૂબ જ રોમાંચક બને તેવી શક્યતા છે. અલબત્ત શેરેના વિલિયમ્સ માટે મોટી રાહતજનક બાબત છે. કારણ કે સેરેના વિલિયમ્સ આ મેચમાં હોટફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. સેરેનાએ શારાપોવા ઉપર જંગી લીડ હજુ સુધીની મેચોમાં જાળવી છે. આ બંને વચ્ચે હજુ સુધી ૧૫ મેચો રમાઈ છે જે પૈકી ૧૩માં સેરેના વિલિયમ્સે જીત મેળવી છે. આવી સ્થિતિમાં આવતીકાલે સેરેના વિલિયમ્સ આવતીકાલે પણ ફેવરિટ ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે. રશિયાની શારાપોવાએ છેલ્લે સેરેના ઉપર નવ વર્ષ અગાઉ જીત મેળવી હતી.

સેરેના વિલિયમ્સ માને છે કે શારાપોવા ખતરનાક સાબિત થઈ શકે છે. વિલિયમ્સના શાસનનો અંત લાવવા શારાપોવા મક્કમ દેખાઈ રહી છે. ગઈકાલે રમાયેલી પ્રથમ સેમીફાઈનલમાં શારાપોવાએ વિક્ટોરિયા અજારેન્કા ઉપર થ્રીલીંગ મેચમાં ૬-૧, ૨-૬ અને ૬-૪થી જીત મેળવીને ફાઈનલમાં કૂચ કરી હતી. હવે ફાઈનલમાં તે સેરેના વિલિયમ્સ સામે રમશે. સેરેનાએ તેની હરીફ ખેલાડી ઈટાલીની સારાહ ઉપર માત્ર ૪૬ મિનિટમાં ૬-૦, ૬-૧થી જીત મેળવી હતી. વર્તમાન ચેમ્પિયન શારાપોવા ટાઈટલ જાળવી રાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. વર્ષ ૨૦૦૨માં સેરેના છેલ્લી વખત ફાઈનલમાં પહોંચી હતી. સેરેના માત્ર એક જ વખત ફ્રેન્ચ ઓપન જીતી શકી છે. જો કે તે પોતાની ૨૦મી કેરિયર ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયનશીપ ફાઈનલ મેચ રમશે. તેની હાલની રેન્કીંગ ખૂબ જ નબળી છે.

## પાક.માં ભારતનાં નવા રાજદૂત તરીકે રાઘવન

નવીદિલ્હી,તા.૭

વરિષ્ઠ રાજનૈતિક રાઘવન પાકિસ્તાનમાં ભારતનાં નવા રાજદૂત નિમાયા છે. રાઘવન વર્તમાન ઉચ્ચઆયુક્ત શરત સભરવાલનું સ્થાન લેશે. વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલાં એક નિવેદન મુજબ રાઘવન ઝડપથી ઈસ્લામાબદનો કાર્યભાર સંભાળી લેશે. રાઘવન પાકિસ્તાન ખાતેથી વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭ સુધી ઉપઉચ્ચઆયુક્ત તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. પાક.માં ચૂંટણી પછી પ્રધાનમંત્રી બનેલાં નવાઝ શરીફનાં શાસનકાળમાં રાઘવનની ભારતનાં રાજદૂત તરીકે નિમણૂંક કરાઈ છે. શરીફ વડાપ્રધાન બનવાનાં કારણે બંને દેશો મૈત્રીભર્યા સંબંધો અને આંતરિક સમજદારી વધવાની આશા સેવાઈ રહી છે. ૧૯૮૨ બેંચના ભારતીય વિદેશ સેવાના અધિકારી રાઘવન હાલ સિંગાપુરમાં રાજદૂત તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. રાઘવન બ્રિટન, કુવૈત અને ભુતાનમાં તેમની સેવા આપી ચૂક્યા છે. જવાહરલાલ નહેરૂ વિશ્વવિદ્યાલયમાંથી તેમણે ઈતિહાસમાં ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરેલ છે.

## પોતાનો બચાવ કરવા કુન્દ્રા દ્વારા ખાસ વકીલની વરણી

નવી દિલ્હી,તા. ૭

ઈન્ડિયન પ્રિમિયર લીગની મેચોમાં બેટીંગના ગંભીર પ્રકારના આક્ષેપોના સામોનો કરી રહેલા રાજસ્થાન રોયલ્સના સહમાલિક રાજ કુન્દ્રાએ તેમના કેસનો બચાવ કરવા જાણિતા ક્રિમિનલ લોયર માજીદ મેમણની નિમણૂંક કરી છે. દિલ્હી પોલીસ કમિશનર નિરજ કુમારે કહ્યુ છે કે પુછપરછ બાદ એવું જાણવા મળી ચુક્યુ છે કે રાજ કુન્દ્રા બેટીંગમાં સામેલ હતા. રાજ કુન્દ્રા પોતે આઈપીએલ મેચોમાં બેટીંગમાં સામેલ હોવાની વાત કબૂલી ચુક્યા છે પરંતુ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા બાદ કુન્દ્રા આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. તેમણે કહ્યુ છે કે વાસ્તવિક બાબતો તમામની સામે આવવી જોઈએ. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર કુન્દ્રાએ કહ્યુ છે કે તેમના વકીલ તરીકે માજીદ મેમણની નિમણૂંક કરવામાં આવી છે. મેમણ મારફતે ટૂંક સમયમાં જ સત્તાવાર નિવેદનો જારી કરવામાં આવશે અને વાસ્તવિકતા બહાર આવશે. બ્રિટિશ નાગરિક રાજ કુન્દ્રાની બુધવારના દિવસે ૧૧ કલાક સુધી પુછપરછ કરાઈ હતી. અગાઉ ક્રિકેટર સિદ્ધાર્થ ત્રિવેદીએ પોલીસ સમક્ષ નિવેદનમાં કહ્યુ હતુ કે રાજસ્થાન રોયલ્સના માલિકના પાટનર મિત્ર ઉમેશ ગોયંકાએ ટીમની રચના અને પીચના સંબંધમાં માહિતી મેળવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારી નિરજ કુમારનું કહેવું છે કે કુન્દ્રા બેટીંગ અંગેની કબુલાત કરી ચુક્યા છે. કુન્દ્રાએ બેટિંગમાં જંગી નાણાં ગુમાવ્યા પણ છે. કુન્દ્રા બેટિંગમાં સામેલ હતા પરંતુ ફિક્સીંગમાં સામેલ ન હતા. કુન્દ્રા ચેન્નઈ સુપરકિંગ્સના ગુરુનાથ મેયપ્પન બાદ સકંજામાં આવનાર બીજા આઈપીએલ ટીમના માલિક છે. માલિકોની સામે જો આક્ષેપ પુરવાર થશે તો બીસીસીઆઈ આઈપીએલમાંથી આ ટીમોને સસ્પેન્ડ કરી શકે છે. રાજ કુન્દ્રાએ બેટીંગ કૌભાંડ અને આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં તેમની સંડોવણી અંગેના કરવામાં આવેલા દાવાને ફગાવી દીધા છે અને કહ્યુ છે કે મીડિયામાં પ્રકાશિત અહેવાલ બિલકુલ આધાર વગરના છે. આ પ્રકારના દાવાઓમાં કોઈ વાસ્તવિકતા નથી.

## સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

મરણ અંગેનો આ વિચાર આપણને સજાગ કરી દે છે સ્વૈચ્છિક અને કોઈનાં પ્રેરાઈ ગયા હોઈએ ત્યા જો અઘટિત ઘટના બને તો તેનો દોષ જે, તે વ્યક્તિના કર્મોના છે. તેને મોકલનાર દોષભાગી નથી તેમ માનવું જોઈએ. આ માન્યતા બરાબર વિચારીએ તો કેટલાક સામાજિક સંબંધોમાં તણાવ મુક્ત રહી શકાય.

ઘણી વખત વ્યક્તિના તદન નજીકના સંબંધી જ વ્યક્તિને ન ગમતી જગ્યાએ જવા માટે બાધ્ય કરતા હોય છે, અને પછી અકસ્માત ઘટના ઘટે ત્યારે પોતાની જાતને તે માટે અતિ જવાબદાર માને છે. અમારા ગામમાં એક માતાએ પોતાના યુવાન પુત્રને પારકે ઘરે ખરોખરો કરવા પરાણે મોકલ્યો છે. યુવાને ઘણી ના પાડી... પણ વ્યવહાર - દક્ષ માતાને તો બસ વ્યવહાર સાચવવાની ચિંતા હતી. પરિણઆમે યુવાન ગલો. ત્યાં ખરખરો કરી વ્યવહાર સાચવ્યો ને પાછા ફરતા અકસ્માતમાં મરણ પામ્યો. માતા હવે વલોપાત કરે છે. અનિચ્છાએ પણ મરણ આપણને ચોક્કસ સ્થળે ખેંચી જાય છે. તેથી આવા તમામ પ્રસંગે 'સ્વકર્મદોષ' સ્વીકારી શાંત રહેવું તેમ ભીષ્મ યુધિષ્ઠિરને સમજાવે છે.

## સમાચાર ઝલક

- નિવૃત્ત આરટીઓ ઇન્સ્પેક્ટર પાલનપુર એ.સી.બી.ના સંકજામાં.
- ગોવામાં ભાજપ રાષ્ટ્રીય કારોબારીમાં અડવાણી, જશવંતસિંહ હાજર નહિ રહે.
- આઇ.સી.સી. આદેશ : મેચ શરૂ થાય તે પહેલાં તમામ ખેલાડીઓને ફોન જમા કરવાનો રહેશે.
- ૨૦૫૦માં અમેરિકા-ચીનના વિકાસથી ભારત આગળ હશે.
- લારા દત્તા બોલીવુડમાં ફિલ્મો કરવા ઇચ્છે છે.
- ગુજરાતમાં પ્રથમ સોલ્ટ થેરાપી સેન્ટરનો પ્રારંભ.
- મેડિકલમાં પ્રવેશની મુદ્દત વધારીને ૩૧મી જુલાઇ સુધી કરવામાં આવી.
- શિક્ષક પોતાનું દાયિત્વ નિભાવે તે પ્રત્યેક શાળા ઉત્તમ બને : મુખ્યમંત્રી
- બિહાર-ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાથી ૪૦નાં મોત, વરસાદથી ભારે ખાનાખરાબી...
- રિલાયન્સમાં જોડાશે નવી પેઢી, મુકેશ અંબાણીના પુત્ર-પુત્રી આકાશ-ઇશા મદદ કરશે.
- અટલ બિહારી વાજપેયીની તબિયત સ્થિરને સંતોષજનક.
- વડાપ્રધાનના નવ વર્ષનો વિદેશ પ્રવાસ ખર્ચ અધધ... ૯ અબજ રૂપિયા થયો...!
- ઝારખંડમાં પોલીસના હથિયારો આચંકી લેવા માઓવાદીઓની નવી તરકીબો.
- હાઇપ્રોફાઇલ સેજલ શાહને પોલીસ પરોક્ષ લાભ આપતી હોવાની સેવાતી શંકા!
- સોનાની આયાત ડ્યુટી વધતા ગેરકાયદેસર વેપાર ધમધમશે.
- વ્યાજની આવક - ધરાવતાં ટ્રસ્ટને રાહત આપતો આદેશ આપતા ચેરીટી કમિશ્નર.
- નીટની પરીક્ષામાં ગુજરાતના ૧૭૬૪૮ છાત્રો સફળ, વડોદરાનો પવન ગાબરા પ્રથમ.
- દહેજ હત્યા મામલે દોષિતને બીજા નિકાહ કોઇ કાજી પઢાવશે નહિ.
- બાંગ્લાદેશમાં હિન્દુ નેતાની હત્યા કેસમાં પાંચને ફાંસી.
- દેશભરમાં રોડ ટેક્ષ એક સરખો કરવા કેન્દ્રની વિચારણા.
- પશ્ચિમ રેલ્વે અમદાવાદ દ્વારા પ્રવાસી હેલ્પલાઇન સેવા શરૂ નં. ૧૮૦૦-૨૩૩-૦૪૩૭.
- હળવદ તાલુકા વિકાસ અધિકારી લાંચના સંકજામાં ઝડપાયા.